ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન
Indian Institute of Teacher Education
(A State Public University established by Government of Gujarat)
॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

## પ્રવેશ ૨૦૨૧
## B.Sc.B.Ed. અને B.A.B.Ed. ના પ્રવેશ માટેની સૂચનાઓ

B.Sc. B.Ed. અને B.A.B.Ed. ની આઇ.આઇ.ટી.ઇ. ની કુલ ૨૦૦ બેઠકો માટે પ્રવેશ કામગીરી નીચે મુજબ હાથ ધરવામાં આવશે.

૧. નીચે દર્શાવેલ મેરીટ ક્રમ મુજબ નિયત સમયાનુસાર પ્રવેશપાત્ર ઉમેદવારોને ગૂગલ મીટથી જોડવામાં આવશે. ઉમેદવારે પસંદગીના કોર્સ (ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કર્યો હોય તો B.Sc. B.Ed. અને B.A.B.Ed. બે માંથી એકની પસંદગી કરી શકાશે તથા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ / અન્ય સમકક્ષ પ્રવાહમાં અભ્યાસ કર્યો હોય તો B.A.B.Ed. ની પસંદગી કરી શકાશે).

| તારીખ | સમય | મેરીટ ક્રમાંક |
|---|---|---|
| ૨૬ જુલાઇ ૨૦૨૧ | ૯.૦૦ થી ૧૧.૦૦ | ૧ થી ૫૦ |
| | ૧૧.૦૦ થી ૧.૦૦ | ૫૧ થી ૧૦૦ |
| | ૨.૦૦ થી ૪.૦૦ | ૧૦૧ થી ૧૫૦ |
| | ૪.૦૦ થી ૬.૦૦ | ૧૫૧ થી ૨૦૦ |
| ૨૭ જુલાઇ ૨૦૨૧ | ૯.૦૦ થી ૧૧.૦૦ | ૨૦૧ થી ૨૫૦ |
| | ૧૧.૦૦ થી ૧.૦૦ | ૨૫૧ થી ૩૦૦ |
| | ૨.૦૦ થી ૪.૦૦ | ૩૦૧ થી ૩૫૦ |
| | ૪.૦૦ થી ૬.૦૦ | ૩૫૧ થી ૪૦૦ |

૨. મેરીટ ક્રમ અનુસાર આપ જોડાઓ ત્યારે કોર્સ પસંદ કર્યા બાદ આપનો કામચલાઉ પ્રવેશ નિશ્ચિત કરવામાં આવશે. આપે પ્રથમ સેમેસ્ટરની ફી તથા રજીસ્ટ્રેશન ફી ની કુલ રકમ રૂ. ૨૩,૦૦૦ /- (ત્રેવીસ હજાર) આઇ.આઇ.ટી.ઇ. નાં ERP મારફત ભરવાની રહેશે. આ રકમ ભર્યા બાદજ પ્રવેશ સુનિશ્ચિત થશે. પ્રવેશ સુનિશ્ચિત થયા બાદ આપ ૨૪ કલાક બાદ ERP મારફત પ્રવેશ પત્ર ડાઉનલોડ કરી શકશો. આ પત્ર લઈને ત્રણ દિવસમાં સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે.

૩. જો કોઇ ઉમેદવાર આ રકમ નહિ ભરે તો તેનો કામચલાઉ પ્રવેશ રદ કરવામાં આવશે અને આ બેઠક મેરિટ અનુસાર અન્ય ઉમેદવારને ફાળવવામાં આવશે. ત્યારબાદ આ બાબતે ઉમેદવારનો કોઇ હકદાવો રહેશે નહિ.

૪. જો કોઇ ઉમેદવારે ઓનલાઇન જોડાવાને બદલે ઓફલાઇન (રૂબરૂ) કાઉન્સેલીંગ માં આવવા ઈચ્છતા હોય તો તેને માટે આઇ.આઇ.ટી.ઇ. ગાંધીનગર કેન્દ્ર ખાતે જરૂરી દસ્તાવેજો સહીત નિયત સમય પત્રક મુજબ મેરીટ ક્રમ અનુસાર ઉપસ્થિત રહેવાનું રહેશે. તથા ફી ભરવા માટે ઓનલાઇન વ્યવસ્થા રાખવાની રહેશે.

૫. ઉપરોક્ત બે દિવસની પ્રક્રિયા સમયપત્રક મુજબ ચાલશે. જ્યારે બેઠકો પૂરેપૂરી ભરાઇ જાય ત્યાંથી તે કાર્યવાહી પૂર્ણ જાહેર થશે અને મેરીટ ક્રમ આધારિત થયેલ પ્રવેશ યાદી વેબસાઇટ પર મુકવામાં આવશે. જો બેઠકો ખાલી હશે તો મેરીટ ક્રમ આધારિત નવું સમયપત્રક ક્રમાનુસાર જાહેર કરવામાં આવશે.

રજીસ્ટ્રાર

ક્ર. આઇ.આઇ.ટી.ઇ./રજી.શાખા/i3T/ 712/૨૦૨૧
તા. 24/07/2021

રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે, ખ રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૬
Ramkrushna Paramhans Vidhya Sankul, Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016, Gujarat, India
Fax: 079-23288016, Phone: +91-79-23287338, 23243733/34
Email: contact@iite.ac.in, Web :www.iite.ac.in iitegandhinagar